# ઋતમ્ભરા

## ઋતમ્ભરા એટલે અનુભવયુક્ત સત્યથી ભરેલું

## બહુજનહિતાય - બહુજનસુખાય

# મુક્તા

## પાતંજલ યોગદર્શન - સમાધિપાદ

- યોગભિક્ષુ

પૂજ્યપાદ મહર્ષિ પતંજલિમુનિએ પાતંજલ યોગદર્શનની રચના કરી. મુનિશ્રીએ યોગદર્શનને ચાર પાદમાં પ્રસ્તુત કર્યું (૧) સમાધિપાદ (૨) સાધનપાદ (૩) વિભૂતિપાદ (૪) કૈવલ્યપાદ. આ ચાર પાદમાંના પ્રથમ પાદ સમાધિપાદને સમજવાનો આપણે પ્રયત્ન કરી રહ્યા છીએ.

સમાધિપાદના હ્રદયસમાં સૂત્રો ચોવીસથી ઓગણત્રીસ. તેને હ્રદયસમાં કેમ કહ્યાં? કારણકે આ સૂત્રોમાં પતંજલિમુનિએ ઈશ્વરની સંપૂર્ણ વ્યાખ્યા કરી છે. **સૂત્ર ૨૪ :-** કલેશ, કર્મ, કર્મફળ અને વાસના જેમાં નથી તે વિશેષ ચેતન ઈશ્વર છે; જેઓ આ ચારેથી નિત્યમુકત છે તેઓ ઈશ્વર છે. **સૂત્ર-૨૫:-** ઈશ્વર સંપૂર્ણ સર્વજ્ઞ છે. **સૂત્ર-૨૬:-** ઈશ્વર પૂર્વકાળના ગુરુઓના પણ ગુરુ છે અને કાળથી છેદી-ભેદી શકાતા નથી. **સૂત્ર-૨૭:-** ઈશ્વરનો વાચક પ્રણવ (ઓમ્=ૐ) છે. **સૂત્ર-૨૮:-** પ્રણવનો સાર્થ જપ કરવો. **સૂત્ર-૨૯:-** પ્રણવ-ઓમ્ નો સાર્થ જપ કરવાથી પ્રત્યેક ચેતનાનો (જીવાત્માનો) સાક્ષાત્કાર થાય છે. અને અંતરાયોનો અભાવ થઈ જાય છે. અસ્તુ.

"રુતમ્ભરા" ત્રિમાસિક સામયિકના છેલ્લા ચાર અંકથી આપણે સમાધિપાદનાં હ્રદયસમાં ઉપરોકત સૂત્રો સમજી રહ્યા છીએ. એ સમજૂતીને આ અંકમાં આગળ ચલાવીએ.

### પ્રણવ વિશેની સવિશેષ પૂર્તિ

ચોવીસથી ઓગણત્રીસ સુધીનાં સૂત્રોમાં આવતા પ્રણવના વિસ્તારપૂર્વક વર્ણન પછી પણ

પ્રણવ, બિંદુ, અને પ્રણવ- આકૃતિ વિષેની જાણકારી આપી શકે તેવી સામગ્રી અહીં રજૂ કરવાના લોભને રોકી શકાતો નથી, તેથી તે પણ અહીં રજૂ કરી રહ્યા છીએ. આમાં કદાચ કયાંક પુનરુકિત પણ આવી જતી હશે પણ તેથી પ્રણવ- જ્ઞાનમાં દ્રઢતા જ થશે એવી શ્રદ્ધા છે.

પ્રણવ-પ્રેમીઓને પ્રણવ-મહિમા જેટલો વધુ જાણવા મળે તેટલો તેમને વધુ આનંદ જ થાય. આ સવિશેષ પ્રણવ-પૂર્તિ ખાસ પ્રણવ- પ્રેમીઓ માટે જ રજૂ કરી છે.

**"ઓમ્ મંત્ર ધર્મ, અર્થ, કામ અને**
**મોક્ષને અચૂક આપવાવાળો છે."**

સામાન્ય જનસમુદાયમાં એવી માન્યતા પ્રવર્તે છે કે ઓમ્ મંત્રનો જપ કેવળ ત્યાગીઓ અને સંન્યાસીઓ જ કરી શકે, કારણ કે તે મંત્રથી કામ અને અર્થની પ્રાપ્તિ થતી નથી. પરંતુ ખરેખર એવું કાંઈ જ નથી. ઓમ્ સર્વ મંત્રોનો નાયક છે, સર્વ મંત્રોમાં પ્રવેશવા માટે પુલ સમાન છે અને બધું જ આપી શકે છે. તે સત્યથી પુષ્ટિ કરતા નીચેના શ્લોકો છે.

**મંત્રાણાં પ્રણવઃ સેતુઃ**
**માંગ્લયં પાવનં ધર્મ્યં, સર્વ કામ પ્રસાધનમ |**
**ઓમકાર: પરમં બ્રહ્મ, સર્વ મંત્રેષુ નાયકમ્ ||**

નદી ઉપરના સામા કાંઠાના ગામમાં પ્રવેશવા માટે જેમ પુલનો સહારો લેવો પડે છે તેમ દરેક પ્રકારના મંત્રોનો સાચો અને પૂરો લાભ લેવા અને તેમાં પ્રવેશવા માટે પણ ઓમ્નો સહારો લેવો પડે છે. જેમ મહાબળવાન સૈન્ય પણ નાયક વિના પાંગળું છે તેમ ઓમ્ વિનાના મંત્રો પણ પાંગળા છે. અર્થાત્ યથાયોગ્ય સફળતા આપી શકતા નથી.

મંગળ, પવિત્ર અને ધાર્મિક કાર્યોમાં 'ઓમ્' પ્રસાધનમ્ અર્થાત્ અચૂક ફળ આપનારો

છે. મનુષ્યમાત્ર પોતાનો જન્મ સફળ થાય એમ ઇચ્છે છે. મંગળ, પવિત્ર અને ધાર્મિક કાર્યો કર્યા સિવાય મનુષ્યજન્મ સફળ થાય નહીં, અને એ ત્રણે કાર્યોમાં ઓમ્ મંત્રના જપથી અચૂક સફળ થવાય છે તે તો ઉપરના શ્લોકમાં કહી જ દીધું છે. શ્લોકમાં સાધનમ્ ન કહેતાં પ્રસાધનમ્ ક્હ્યું છે. પ્રસાધનમ્ એટલે સારી રીતે સાધનારો અર્થાત્ અચૂકપણે સફળતા આપનારો. નીચેનો શ્લોક પણ ઓમ્‌ની મહત્તા પર વધુ પ્રકાશ ફેંકે છે.

**ઓમ્કારં બિંદુ સંયુક્તં, નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ|**
**કામદં, મોક્ષદં ચૈવ, ઓમ્કારાય નમો નમઃ||**

બિંદુથી સંયુક્ત, ઓમ્‌નું ધ્યાન કરીને યોગીઓ કામ અને મોક્ષને પ્રાપ્ત કરી લે છે., ઓમ્‌ને ઓમ્કારને નમસ્કાર છે, નમસ્કાર છે.

'કામ'માં અર્થનો અને 'મોક્ષ'માં ધર્મનો સમાવેશ થઈ જ જાય છે. કારણ કે કામ વિના અર્થની અને ધર્મ વિના મોક્ષની પ્રાપ્તિ થતી નથી. આ રીતે ધર્મ, અર્થ, કામ અને મોક્ષને ઓમ્ આપવાવાળો છે. એ વાત ઢોલ વગાડીને કહી દીધી. ઓમ્‌નાં ધ્યાન, જપ, સ્મરણ, પૂજા ઇત્યાદિ કરવાનો સૌ કોઈને અધિકાર છે. તે, અમુકે કરાય અને અમુકે ન કરાય તેવી લેશ પણ શંકા ઉપરના શ્લોકે ન રહેવા દીધી. અસ્તુ.

## ઓમ્ વિશે શાસ્ત્ર શું કહે છે? (થોડી રજૂઆતો)

(૧) ઓમ્ બ્રહ્મ છે. (તૈ. શી. ૮)

(૨) દેહને નીચેની અરણી અને ઓમ્ ને ઉપરની અરણી બનાવીને ધ્યાનરૂપી મંથનદંડથી ફરીફરીને ઘર્ષણ કરીને છુપાયેલા અગ્નિની જેમ પરમ જ્યોતિ (પરમાત્મા) ને જુઓ. (શ્વે. ૧/૪)

(૩) એક અક્ષરવાળા ઓમ્ રૂપી બ્રહ્મનું નામ લેતો લેતો અને તેનો અર્થ જે પરમાત્મા તેનું ચિન્તન કરતો કરતો જે પુરુષ શરીર છોડે છે તે પરમ ગતિને પ્રાપ્ત થાય છે. (ગીતા ૮/૧૩)

(૪) જેમ ડીંટડા વડે સર્વ પાંદડાંઓ વ્યાપ્ત છે તેમ ઓમ્કાર વડે સર્વ વાણી વ્યાપ્ત છે. (શ્રી છાં. ઉ.)

(૫) શિવ, રુદ્ર આદિ અનેક નામોમાં ઓમ્ નામ શ્રેષ્ઠ છે. (શ્રી લિંગ પુ.)

(૬) શ્રી લક્ષ્મીબીજ શ્રીં, માયાબીજ હ્રીં, કામબીજ કલીમ્, વાગબીજ ઐં અને શકિતબીજ સઃ થી પણ જગતનું કારણ જે પરમાત્માબીજ ઓમ્ છે તે શ્રેષ્ઠ છે. (પા. યો. ર. દી. પૃ.૧૧૯)

(૭) પરમાત્માનું નામ ઓમ્ છે. તેના વડે તેમનું સ્મરણ કરવાથી તેઓ પ્રસન્ન થાય છે. (પા. યો. ર. દી. પૃ. ૧૧૯)

## ત્રણ વખત પ્રણવોચ્ચાર

કોઈ પણ કાર્યના પ્રારંભમાં અને અંતમાં ત્રણ વખત ઓમ્‌નો ઉચ્ચાર થાય - કરાય તો બહુ સારું. પહેલી વખતનો પ્રણવોચ્ચાર, ઉચ્ચાર કરનારના કલ્યાણ માટે; બીજી વખતનો ઉચ્ચાર સાંભળનારના કલ્યાણ માટે અને ત્રીજી વખતનો પ્રણવોચ્ચાર બોલનાર - સાંભળનાર સિવાયના અન્ય સર્વે માટે. અસ્તુ.

## ઓમ્ ધ્વન્યાત્મક છે

ઓમ્ મંત્ર જગતના નવસર્જનરૂપી આદિકારણનું આદિકાર્ય છે. તેથી-

ઓમ્આકૃતિ સ્વયંભૂ, સ્વયંસ્ફુરિત-પ્રેરિત, સ્વંયસર્જિત- અર્જિત- અર્ચિત, પૂર્ણ સ્વાભાવિક અને મજ્જાગત છે. ખરેખર તો ઓમ્ ધ્વન્યાત્મક છે તેથી તે અનુભૂતિનો વિષય છે. તેનું વર્ણાત્મક સ્વરૂપ તો ધ્વન્યાત્મકતાને પ્રગટાવવામાં સહાયરૂપ છે.

પ્રગટેલા દીપકનો પણ એક વિશિષ્ટ ધ્વનિ હોય છે તેમ (પ્રગટેલા) આત્માનો, ચૈતન્યના અસ્તિત્વનો પણ એક દિવ્ય, અલૌકિક, મસ્તાન-ડોલાયમાન ધ્વનિ હોય છે. તેનું નામ શું આપવું? તેનું વર્ણન કેવી રીતે કરવું? તેના યથાયોગ્ય વર્ણન માટે બધા જ અક્ષરો છીછરા લાગે છે અને બધા જ શબ્દો દરિદ્ર ભાસે છે. તેને સમજાવવાના પ્રયત્ન માટે નવનવા પ્રચલિત શબ્દ- સમૂહો પ્રગટ કરવાનો લોભ રોકી શકાતો નથી, અને એમ કરવા જતાં પ્રચલિત વિદ્વદ્‌ભોગ્યતાનું શું? તે વિચાર અકળાવી ધર્મસંકટ ઊભું કરે છે. છતાંય સંતોષ એ વાતનો છે કે જિજ્ઞાસુઓને આટલા પ્રગટીકરણથી પણ યથાશકિત વ્યક્ત કથન દ્વારા અવ્યક્ત કથનરૂપી અધ્યાહારનો પણ સહારો મળશે અને તેથી તેઓ 'નેતિ-નેતિ' કહીને 'ઇતિ'ને વ્યક્ત કરવાની આત્મવંચના કરી શકશે. અસ્તુ.

## ઓમ્ (ॐ) ની આકૃતિ સ્વયંભૂ છે.,

## તમામ જડ-ચેતન, બિંદુનો જ વિસ્તાર છે.

જેમ ક, ખ, ગ ઇત્યાદિ ધ્વનિઓ માટે ક, ખ, ગ ઇત્યાદિ વર્ણોની આકૃતિઓ નિશ્ચિત કરવામાં આવી છે તેમ ઓમ્ ધ્વનિ માટે (બંધ ઓષ્ઠે મ્‌ને લંબાવવાથી જે ગુંજારરૂપી ધ્વનિ થાય છે તેવા ધ્વનિ માટે, ઓમ્‌ની જે આવી (ૐ) આકૃતિ પ્રચારમાં છે તે નૈસર્ગિક છે, કપોળકલ્પિત નથી. કલ્પના પ્રારંભ સમયે અર્થાત્ પ્રલયકાળ પૂરો થયે વિશ્વના પ્રારંભ સમયે સ્થૂળ સંરચનાની ક્રિયાનો જે સૂક્ષ્મતમ ધ્વનિ લહેરાય છે તેની આવી ૐ આકૃતિઓ ગંઠાય છે, અને તેવી અસંખ્ય-અનંત આકૃતિઓથી વિશ્વાકાશ ભરાઈ જઈને લોલ-હિલ્લોલમય થવા લાગે છે. તે કાળે તે આકૃતિઓ ઇન્દ્રિયગોચર નથી હોતી પરંતુ "ઋતંભરા પ્રજ્ઞાગોચર" હોય છે. જેમ તળાવના સ્થિર જળમાં એક કાંકરી પડતાં તેમાં લોલ-લહેરનું એક વર્તુળ ઊઠે છે અને તે વિસ્તૃતપણાને પામતું કિનારા તરફ ધસે છે અને આપસમાં અથડાઈને-સમાઇને વિલીન થઈ જાય છે, તેમ વિશ્વસર્જન કાળે ઓમ્ ની આકૃતિઓનું પણ થવા લાગે છે, અને આ રીતે જગતનું સ્થૂળ નવસર્જન તબક્કાવાર આગળ વધે છે. ૐ આકૃતિ બીજા તબક્કામાં ગણપતિની અને ત્રીજા તબક્કામાં હનુમાનજીની આકૃતિને મળતી થઈ જાય છે. આમ ક્રમપૂર્વક પરિવર્તન પામતી પામતી તે આકૃતિ વર્તમાન વિશ્વની અનંત વૈવિધ્યતાને ધારણ કરે છે. સ્થિર જળમાં કાંકરી પડે છે ત્યારે તેમાં પહેલું જે અગોચર સ્પંદન ઊઠે છે તે બિંદુ સ્વરૂપની આકૃતિનું (●) હોય છે. આમ વિશ્વની તમામ આકૃતિઓનું આદિ સ્વરૂપ બિંદુ છે. નીચેનાં બધાં સાંકેતિક ચિહ્નો પણ બિંદુમાંથી વિકલિત થયેલ આકૃતિનાં જ સ્વરૂપો છે.

ઓમ્(ૐ)નું વચ્ચેનું પાખડું સીધું કરી નાખીએ એટલે ત્રિશૂળ (૩-) બની જાય છે., ત્રિશૂળનાં આગળનાં બે પાંખડાંને સીધા કરી નાખીએ એટલે ક્રોસ (✝) બની જાય છે., ક્રોસને ચારે છેડે એક એક પાંખડું લગાવી દઈએ એટલે તે સ્વસ્તિક (卐 ) બની જાય છે ઓમ્ ઉપરનું માત્ર અર્ધચંદ્રબિંદુ, રહે છે ત્યારે તે ચાંદતારા ( ँ ) બની જાય છે; તેમાંથી બિંદુ કાઢી નાખીએ તો બીજનો ચંદ્ર અર્થાત્ દૂજકા ચાંદ ( ˘ ) બાકી રહે છે. મનુષ્યઆકૃતિમાં પણ અવળા- સવળા બે ઓમ્ (૬૩) જોડાય છે. અસ્તુ.

ઉપરના ફકરાને સમજવા માટે અહીં "સર્વાકૃતિદર્શક પ્રણવપટ્ટનું ચિત્ર થોડા લખાણ સાથે પ્રસ્તુત કરેલ છે-

(ક્રમશઃ)

("મુક્તા" પુસ્તકમાંથી સાભાર)

# જપયજ્ઞની પૂર્ણાહુતિ (શ્રાવણ માસ)

(૩૦-૮-૦૮)

સંકલન: પ્રવીણભાઈ શાહ

પૂજ્યશ્રી ગુરુદેવની કૃપાથી શ્રાવણમહિના નિમિત્તે 'ઓમ્ નમ: શિવાય' ની ધૂનનો કાર્યક્રમ મણીનગરના સ્વાધ્યાય કેન્દ્રમાં અને નારણપુરામાં ટ્રસ્ટની ઓફિસે એક મહિના સુધી ચાલ્યો. મણીનગરમાં શ્રાવણ મહિનાના ચાર સોમવારે રાત્રે ૮.૩૦ થી ૯.૩૦ સુધી ધૂનનો કાર્યક્રમ થતો. ધૂનની પૂર્ણાહુતિ શ્રાવણ વદ અમાસ ને શનિવારે રાત્રે ૮.૦૦થી ૧૦.૦૦માં કરી. નારણપુરામાં ટ્રસ્ટની ઓફિસે રાત્રે ૯.૦૦ થી ૧૦.૦૦ આખો મહિનો- ૩૦ દિવસ સુધી ધૂનનો કાર્યક્રમ થયો. ધૂનની પૂર્ણાહુતિ શનિવારે રાત્રે ૧૦.૦૦ થી રવિવારે સવારે ૧૦.૦૦ વાગ્યા સુધીની બાર ક્લાકની અખંડ ધૂન રાખીને કરવામાં આવી.

સવારે બરાબર ૧૦.૦૦ વાગે 'ઓમ્ નમ: શિવાય' ના જપયજ્ઞની- ધૂનની પૂર્ણાહુતિ થઈ. ડૉક્ટર શ્રી સદ્‌ગુરુ સમર્પણ ભિક્ષુજીએ (ડૉ. સોમાભાઈ પટેલ) મોટેથી સત્યધર્મ ગુરુદેવકી જય બોલાવી. સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને એમની જય તો જ આપણી જય. આપણે બધાંએ ભેગાં મળીને આખો મહિનો ખૂબ સુંદર રીતે ધૂનનો કાર્યક્રમ કર્યો. બધાંએ ખૂબ સુંદર સાથ અને સહકાર આપ્યો. ખાસ કરીને સ્વયંસેવક ભાઈઓએ તેમની જવાબદારી ઘણી સારી રીતે નિભાવી. મને પોતાને- વ્યકિતગત રીતે કહું તો ખૂબ જ આનંદ થયો. કોઈપણ બાપ એટલે કે માવતર- ક્યારે ખુશ રહે? ક્યારે આનંદમાં રહે? જ્યારે તેમના દીકરાઓ તેમના ક્હ્યામાં રહે તેમનાં ચીલે ચાલે, એ રસ્તાને આગળ વધારે અને પોતાની સાથે બીજાંઓને પણ સાથે રાખીને આગળ ચાલવાનો પ્રયત્ન કરે ત્યારે કયાં મા- બાપ ખુશ ના થાય? આપણે વડીલોની પણ એ જવાબદારી છે કે આપણાં બાળકોને સારામાં સારા સંસ્કાર આપીએ. આપણે આડકતરી રીતે એવી દેખરેખ રાખીએ કે તેમને આગળ વધવાની ધગશ રહે. તેઓ તેમનો રસ્તો જાતે જ નકકી કરે, બીનજરૂરી રોકટોક નહીં કરવાની, એક સામાન્ય દૃષ્ટાંત જોઈએ. આપણે નાના હતા ત્યારે આપણને ધંધો કરવાની કે ફેકટરી નાખવાની ઇચ્છા થઈ. તો આપણે પહેલાં તો ફેકટરીમાં શું બનાવવું, કયો માલ બજારમાં વેચાશે, તે બનાવવા માટે કાચોમાલ બજારમાં ક્યાં મળશે- એવી બધી પ્રાથમિક તપાસ- તૈયારી કરવી પડે. વળી આપણને તો કોઈ આવડત હોય નહીં એટલે જાણકારો પાસેથી જાણકારી ભેગી કરીએ, પૈસા પણ ના હોય એટલે એની પણ સગવડ કરવી પડે અને આમ માંડ માંડ અથડાતાં કુટાતાં ધંધો ચાલુ કરીએ, બે પૈસા કમાઈએ. અને ધીમે ધીમે પ્રતિષ્ઠા જામે. હવે આપણો આ ધંધો કે ફેકટરી ચલાવવાની જવાબદારી છોકરાંઓને માથે આવે ત્યારે તેઓ તેમની બુદ્ધિ પ્રમાણે ધંધો કરે તે વખતે આપણે તેમને ટોક્વાનાં નહીં. "જો જે આમ ના થાય, જો જે સંભાળીને કામ કરજે." આમ કરવાથી તો તેમનો જુસ્સો ઓસરી જાય. આપણા સ્વયંસેવક ભાઈઓ બધું કામ એક મહિનાથી બરાબર સંભાળી રહ્યા છે. રોજ ૮૦-૯૦ માણસની હાજરી હોય છે. અત્યારે આપણે જપયજ્ઞની પૂર્ણાહુતિ કરી. આપણા સૌના સદ્‌ભાગ્યે શ્રીગુરુદેવ પણ આશીર્વાદ આપવા પધારવાના છે. તો હવે આપણે આપણો સ્વાધ્યાયનો કાર્યક્રમ ચાલુ કરીશું.

બરાબર ૧૦.૪૦ વાગે શ્રીગુરુદેવનું આગમન થયું, બધાંએ હાથ ઊંચા કરીને તથા સત્યધર્મ ગુરુદેવની જય બોલાવીને પૂજ્યશ્રીનું અભિવાદન કર્યું. શ્રી દેવચંદભાઈ અને હંસાબેને કંકુ-ચોખા-ફૂલહારથી શ્રી ગુરુદેવનું સ્વાગત કર્યું, આરતી કરી. શ્રી ગુરુદેવનાં આશીર્વચન સત્ય ધર્મ ગુરુદેવ કી જય. સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ, અને એમની જય તો આપણી જય. સૌને વંદન- અભિનંદન- આશિષ. તમે સૌએ આખો મહિનો જપયજ્ઞનો લાભ લીધો. આજે પૂર્ણાહુતિ થઈ. જપયજ્ઞનું બહુ મોટું મહત્ત્વ છે. શ્રી કૃષ્ણ ભગવાને ગીતામાં કહ્યું છે કે યજ્ઞાનામ્ જપયજ્ઞોસ્મિ. ગઈકાલે મણીનગરમાં જપયજ્ઞની પૂર્ણાહુતિ થઈ. નૈષધભાઈને ત્યાં મેડા ઉપર સીડી

ચઢીને જઈ શકાય તેમ હતું નહીં, એટલે ફોન ઉપર- માઇક ગોઠવીને આશીર્વાદ આપ્યા. નાના હતા ત્યારે દોડીને ગિરનાર ચઢતા હતા. અત્યારે શરીરની સ્થિતિ આવી છે. બચપણ-જવાની-બુઢાપો અને મૃત્યુ આ વાત નક્કી જ છે, છતાંયે વહેવાર પ્રપંચમાં એવા મશગૂલ થઈ જઈએ છીએ કે બધું જ વિસ્મૃત થઈ જાય છે. આપણે જગતમાં શા માટે આવ્યા હતા તે ભૂલી જઈએ છીએ. આપણા ઋષિ-મુનિઓ અને ગુરુસંતોએ જુદાં જુદાં નિમિત્ત ઊભાં કરીને માણસ આત્યંતિક સુખ પ્રાપ્ત કરી શકે, કલ્યાણમાર્ગમાં પ્રવૃત્ત રહે તેવી વ્યવસ્થા ગોઠવી દીધી છે. શ્રાવણમહિનો, પૂનમ, અગિયારસ, અમાસ, વાર-તહેવાર એ નિમિત્તે આપણા જીવનનું જે ધ્યેય છે એની યાદ સતત તાજી રહ્યા કરે. બાકી તો શરીરની સ્થિતિ કેવી છે? ઉંબરા તો ડુંગરા થયા અને પાદર થયાં પરદેશ! પિતા- પુત્ર, પતિ- પત્ની, ભાઈ- બહેન એ બધુંય પાછળ રહી જવાનું. સૂરજ ઊગ્યો અને આથમ્યો એટલે એક દિવસ પૂરો થયો. કેટલાય શ્રાવણ આવ્યા અને ગયા. જોતજોતામાં ઉંમર થઈ ગઈ, અને ખબર પણ ના પડી સમય કાયમ આપણને છેતરતો જ હોય છે, એટલે જેટલા વહેલા ચેતાય એટલું સારું.

થોડાં વરસો પહેલાં અમથાબાપા (ડૉક્ટર સોમાભાઈના પિતાજી) ની ખબર કાઢવા અમે ગયા હતા. તેમની ઘણી ઉંમર થઈ ગઈ હતી, ખૂબ જ ખરાબ સ્થિતિ, માંડમાંડ બોલી શકે. તેઓ બે હાથ જોડીને અમને કહેવા લાગ્યા કે ગુરુજી! હું તો નજરકેદમાં છું, ભગવાન આમાંથી ક્યારે છોડાવશે? તેમણે “નજરકેદ” શબ્દ વાપરીને ખૂબ ટૂંકાણમાં ઘણું બધું કહી દીધું. અમે જવાબમાં કહ્યું કે- આપણે તો ભગવાનને કંઈ જ કહેવાનું નહીં, વધુ જિવાડો કે જલદી લઈ લો એમાંનું કંઈ જ આપણે ભગવાનને કહેવાનું નહીં, અને કહેવું જ હોય તો એટલું જ કહેવાનું કે તમને ઠીક પડે તેમ કરો. તેમ કહીશું નહીં તો પણ જે નક્કી થયેલું છે તે જ થવાનું છે. પછી શા માટે ભગવાનને કંઈ જ કહેવું જોઈએ આપણે? “મરવાની જરાય ઉતાવળ નથી અને વધુ જીવવાનો જરાય લોભ નથી” એવી ભાવનામાં સતત રહેવાવું જોઈએ.

આવી આત્યંતિક જ્ઞાનની- વેદાંતની વાતો કહેવા માટે જ તબિયત નરમ હોવા છતાં અત્યારે તમારી પાસે આવ્યા છીએ. બીજી એક વાત, આપણી સુખ-સગવડો અને સમૃદ્ધિનું પ્રદર્શન એવી રીતે ન કરીએ કે બીજાઓને આપણી ઈર્ષ્યા કરવાનું મન થાય. ઈર્ષ્યા મનુષ્યનો સ્વભાવ જ છે માટે આપણે સાવધાન રહેવાનું છે. ભોગવીએ ખરા પણ એને પરમાત્માની દયા સમજીને. સીધી કે આડકતરી રીતે આપણાં સુખ-સમૃધ્ધિને બતાવવાનો પ્રયત્ન ક્યારેય ન કરીએ. પેલાં એક બહેનનું દૃષ્ટાંત છે ને કે રાંધ્યું નથી, સીધ્યું નથી, ખાશો શું? હી...હી...હી...હી....... આમ ગમે તે નિમિત્ત ઊભું કરીને દાંત કાઢે-હસે અને એમ કરીને પોતાના દાંતમાં જે સોનાની રેખો નંખાવેલી તે સૌને બતાવે અને એ રીતે પોતાની સમૃધ્ધિનું પ્રદર્શન કરે. સાવ સામાન્ય માણસ પણ સમજી શકે તેવું આ દૃષ્ટાંત છે.

ભગવાનની દયાથી તમે સૌએ જપયજ્ઞ કર્યો. શ્રાવણ માસ એટલે પવિત્ર વાતો શ્રવણ કરવાનો મહિનો. બાકીના અગિયાર મહિના સુધી તેને વાગોળવાની. જપયજ્ઞમાં બેઠા હોઈએ એટલે સીધા, ટટાર બેસવાનું, બે હાથે તાલબધ્ધ રીતે તાલી પડતી હોય, મુખેથી વાચિક જપ ચાલતા હોય અને આળસ કે પ્રમાદ જેવું કંઈ થાય નહીં, એ સિવાય તો આપણી પરિસ્થિતિ કેવી હોય છે?! ઊંઘ બગાસું મોકલે જા બગાસા તું! તારાથી જો નહીં ઢળે તો ઢાળી દઈશ હું ! તો જપમાં બેસવાથી મગજ કસાય. ગળાની કસરત થાય, તાલી પાડવાથી હાથમાં એક્યુપ્રેશરની ક્રિયા થાય અને આમ અનાયાસે જ સક્રિય ધ્યાનનો લાભ મળે. આવા પ્રસંગો એટલા સમય પૂરતું વ્યવહાર-પ્રપંચમાંથી છૂટવા માટે છે. માટે બરાબર લાભ લઈએ. જપયજ્ઞમાં બેઠા હોઈએ ત્યારે પૂરેપૂરી સાવધાની રાખવી જોઈએ. નહીં તો આપણી સ્થિતિ પેલા મુસાફર જેવી થાય. આપણે બહારગામ મુસાફરીમાં જવું હોય ત્યારે સામાન માથે ઉપાડીને ચાલીએ. સ્ટેશન પર આવીએ અને ગાડીમાં બેસીએ. ગાડીમાં બેઠા પછી પણ જો સામાન માથે મૂકી રાખીએ તો એ કંઈ ઠીક ન કહેવાય, જપયજ્ઞમાં બેઠા હોઈએ ત્યારે માથા ઉપર કોઈપણ પ્રકારનો બોજો રાખીએ

નહીં તો વધુમાં વધુ લાભ મળે.

ગુરુપૂર્ણિમા પર આપણે વ્રત લેવડાવ્યાં હતાં. ઓમ્ ગુરુ ઓમ્- નું અનુષ્ઠાન કરવાનું કે ઓમ્ જયંતી સુધી તળેલું નહીં ખાવાનું. ગુરુસંતો આપણને શા માટે વ્રત લેવડાવે છે? સ્વર્ગ મળશે કે પુણ્ય મળશે એટલે શું? તંદુરસ્તી- શરીરનું આરોગ્ય સારું હોય તો જ બધાં સુખો ભોગવી શકાય. ખાવાપીવામાં સંયમ રાખીએ તો જ પોષણ મળે, બાકી ખાવાપીવામાં બેભાનપણે- બેફામપણે વર્તીએ તો તે પછી આપણું શોષણ થાય. અમારા એક નજીકના ગુરુપ્રેમી ભાઈ હતા. ઘણો રમૂજી સ્વભાવ. અમારી સાથે ખૂબ જ આત્મીયતા રાખતા. અત્યારે તો દેવ થઈ ગયા છે. ખાવા- પીવાના ખૂબ જ શોખીન. અડધી રાતે પણ ગાંઠીઆ, જલેબી અને મરચાંનો નાસ્તો મળે તો ખાવા બેસી જાય. અમે એમને ટોકીએ તો કહે કે બાપુ કંઈ ના થાય ! આ પેટમાં એક ખાનામાં ગાંઠીઆ, એક ખાનામાં જલેબી અને એક બાજુ મરચાં ગોઠવાઈ જાય. અમારે બધું પચી જશે ! પણ પછીનાં વરસોમાં તબિયત બગડી ત્યારે અમને કહે- બાપુ! તમે જ્યારે સાચું કહેતા હતા ત્યારે અમે તમારી મશ્કરી કરતા હતા. પણ હવે ખાત્રી થઈ ગઈ છે કે આપની વાત સાચી હતી.

આ પછી રવિકુંજ સોસાયટીના ચેરમેન શ્રી વ્યોમેશભાઈ ભટ્ટ ગુરુજીની અનુમતિ લઈને બોલવા ઊભા થયા. તેમણે કહ્યું- બ્રહ્મા- વિષ્ણુ- મહેશ જેવા ગુરુજી આપણે ત્યાં પધાર્યા છે તેનો અમને સૌને ખૂબ જ આનંદ છે. અને તે બદલ હું સોસાયટી વતી ખૂબ ખૂબ આભાર માનું છું. ઓમ્- કાર મંત્રની ધૂન આખો મહિનો ચાલી. આજે તેની પૂર્ણાહુતિ થઈ. પૂજ્યશ્રી ગુરુજીએ કહ્યું તેમ બાકીના અગિયાર મહિના સુધી વાગોળવાનું. વર્ષના અંતે સરવૈયું નીકળે- શું નફો થયો? શું નુક્સાન થયું? મૃત્યુ એ માણસની જિંદગીનું સરવૈયું છે. જે વ્યક્તિ એક જ મંત્રનું રટણ કરે છે, આખી જિંદગી તેનામય થઈને રહે છે, સતત વાગોળતા રહેવાથી એટલું મોટું બેંક બેલેન્સ- વ્યાજ સહિત ખૂબ મોટી મૂડી ભેગી થઈ જાય છે! અંત સમયે માત્ર એ મંત્રનું જ એટેચમેન્ટ રહે અને શરીર સહેલાઈથી છૂટી જાય. કાકડીના વેલા ઉપરથી કાકડી ડીંટામાંથી એવી રીતે છૂટી પડે કે જેમાં નથી કાકડીને કોઈ તકલીફ પડતી કે નથી ડીંટાને કોઈ દુ:ખ થતું. આપણું જીવન આપણે એવી રીતે જીવીએ કે અંત સમયે મરનારને અને મર્યા પછી પાછળનાંને ખૂબ જ શાંતિ મળે. ઓમ્ પરિવારના આવા કાર્યક્રમો અહીં થતા રહે. અમે બધાં આપને પૂરેપૂરો સરકાર આપીશું. ખૂબ ખૂબ ધન્યવાદ.

આશીર્વચનનું સમાપન કરતાં પૂજ્ય શ્રી ગુરુદેવે કહ્યું-

ગતિ તેવી મતિ તારી;<br>
મતિ તેવી ગતિ થાશે.

છેલ્લા શ્વાસ વખતે જેવી મતિ હશે, તેવી ગતિ થશે. આમ તો મૃત્યુ સમયે એવી વેદના થાય- એટલી પીડા થાય કે આખી જિંદગી જે પ્રભુ-રટણ કર્યું, હોય તે પણ છૂટી જાય. તો કાંઈ ન કર્યું હોય તેનું શું થાય? છતાંય આખું જીવન એવું જીવીએ કે છેલ્લે પણ સાવધાન જ રહેવાય. ઓપરેશન કે વાઢકાપ કરતી વખતે ડૉકટર દરદીને કલોરોફોર્મ સૂંઘાડે છે જેથી પીડા ન થાય. મૃત્યુ- અંત સમયની વેદના ઓછી થાય એટલે કુદરત કદાચ માણસને બેસુધ બનાવી દેતી હોય એવું પણ બને. સત્ય ધર્મ ગુરુદેવ કી જય.

આમ જપયજ્ઞની પૂર્ણાહુતિ ખૂબ સરસ રીતે સંપન્ન થઈ.

# પ. પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજી સાથેનાં થોડાં સંભારણાં

**(૨૦૦૧)**

**- શશિકાંત પટેલ**

સત્ય ધર્મ ગુરુદેવની જય. સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને તેમની જય તો જ આપણી જય.

હાલમાં મારી ઉંમર ૫૫ વર્ષની છે. પરંતુ અહીં જે પ્રસંગ વર્ણવ્યો છે તે સમયે મારી ઉંમર ૨૫ વર્ષની હતી. ઘરનું ધાર્મિક વાતાવરણ અને તેના સતત સંસ્કારનું સિંચન વડીલો દ્વારા નાનપણથી જ થતું રહેલું. વળી વાંચનનો પણ ખૂબ

શોખ અને તેમાં પણ ધાર્મિક પુસ્તકોનો વિશેષ. તેથી નાનપણથી જ ધર્મ- ધાર્મિકતા- સદાચાર- કરુણા જેવા અનેક ભાવો મનમાં વધુ દૃઢ થયેલ. તદ્ઉપરાંત પુસ્તકોના વાંચનથી સમજાયું હતું કે શ્રી રામ, લક્ષ્મણ, પાંડવ, કર્ણ, એકલવ્ય, શ્રીકૃષ્ણ, બલરામ, સ્વામી વિવેકાનંદ અને આવા અનેક મહાનુભાવો પણ પોતાના ગુરુદેવ માટે અકલ્પનીય આદર, પૂજ્યભાવ રાખતા. જો કે ત્યારે મારે કોઈ ગુરુજી હતા નહીં પરંતુ હૃદયમાં ગુરુજી શબ્દ પ્રત્યે આદરભાવ-પૂજ્યભાવ દૃઢ થઈ ગયેલો. તે સમયે એટલી સમજ હતી કે ગુરુજી સાચા શિષ્યને મુશ્કેલીમાંથી, આપત્તિમાંથી બહાર નીકળવા માટે માર્ગ બતાવી સહાય કરે છે. બાળકનો જેવા વાતાવરણમાં ઉછેર થાય છે, જે પ્રકારના સંસ્કારોનું સિંચન તેના ઉછેરમાં સતત કરવામાં આવે છે, બાળકનું તે પ્રમાણે જીવન- ઘડતર થાય છે. તેથી દરેક વડીલે બાળકના ઉછેરમાં આ વાતની ખૂબ જ કાળજી રાખવી જોઈએ.

સમયના વહેણ સાથે મારાં લગ્ન થયાં. વિચારોને અનુરૂપ પત્નીની પ્રાપ્તિ થઈ. આવું પણ પાછલા જન્મોના સુસંસ્કારોના ફળસ્વરૂપ જ બને. પતિ- પત્નીના વિચારો સરખા હોય તો બન્ને જણ જીવનમાં એક બીજાનાં સહાયક બની- પૂરક બની ગૃહસ્થજીવન સારી રીતે જીવી શકે છે અને મનુષ્ય જન્મની સાર્થકતા માટે ગુરુકૃપાએ આગળ વધી શકે છે. લગ્ન પછી થોડાક સમયમાં મારાં સાસુનું અવસાન થયું. જો કે પ્રસંગ દુ:ખદ બન્યો, પરંતુ પરમાત્માની અકળ લીલાનો ભેદ કોઈ પામી શકતું નથી. મારાં સાસુનું અવસાન થતાં સાળાઓ નાના હતા તથા ઘરમાં બીજી કોઈ સ્ત્રી નહીં હોવાથી ઘરની વ્યવસ્થા ભાંગી પડે નહીં, સાળા તથા ઘરની સાર-સંભાળ રાખી શકાય તે માટે થોડો સમય અમારે ત્યાં રહેવાનું થયું. તે અરસામાં મારા સસરા પ.પૂ.ગુરુદેવ શ્રી યોગભિક્ષુજીના સંપર્કમાં આવેલ અને તેમને પૂજ્યશ્રી સાથે થોડો ઘણો પરિચય થયો હતો. “શ્રી ગુરુદેવ આશ્રમ” જિ. થાના મહારાષ્ટ્ર-વાળા પૂ. સ્વામી મુક્તાનંદબાબાને પૂજ્યશ્રી સાથે ખૂબ પ્રેમ, આદર, આત્મીયતા હતાં. બાબાજી પૂજ્યશ્રી ને આશ્રમમાં રહેવા માટે ખૂબ જ પ્રેમથી આગ્રહ કરતા હતા. તેથી પૂજ્યશ્રી આશ્રમમાં બાબાજી પાસે રહેવા ગયેલ ત્યારે મારા સસરા પૂજ્યશ્રી સાથે ગયેલ. આમ તેઓને પૂજ્યશ્રીનો થોડો ઘણો પરિચય થયો હોવાથી પૂજ્યશ્રી અમદાવાદમાં હોય ત્યારે તેઓ અવાર નવાર પૂજ્યશ્રી પાસે જતા. પૂજ્યશ્રી ત્યારે મણીનગરમાં એલ. જી. કોર્નર પાસે આવેલી તેમની ગાજ તથા ઇન્ટરલૉકની દુકાન સંભાળતા હતા. તથા પોતે બધે સાયકલ ઉપર ફરતા હતા. કોઈ વાર તેમને મારા સસરાનું કામ હોય તો સાયકલ ઉપર ઘરે આવીને મકાનના કોટ પાસે ઊભા રહીને બૂમ પાડે. તેઓ તો ઘરે હોય નહીં પરંતુ હું અથવા મારા પત્ની ઉષાબહેન કહીએ કે તેઓ તો ઘરે નથી. કાંઈ કામ કે સંદેશો હોય તો જણાવો. વળી પાછા કહીએ કે આવો ને ઘરમાં, તો પૂજ્યશ્રી કહે કે ના અત્યારે મોડું થાય છે, ખૂબ કામ છે. તેમને કહેજો કે યોગભિક્ષુજી આવ્યા હતા. અમે કહીએ કે સારું. આટલી વાત ક્યારેક પૂજ્યશ્રી સાથે થતી. પછી તો કોઈ કોઈ વાર હું પણ મારા સસરા સાથે પૂજ્યશ્રી પાસે જતો આવતો થયો. ક્યારેક મારાં પત્ની પણ સાથે આવતાં ત્યારે મનમાં બીજો કોઈ ભાવ નહીં પરંતુ મારા સસરા પાસેથી પૂજ્યશ્રીની થોડી ઘણી વાતો સાંભળેલી તેથી સંત છે તો દર્શન કરવા જઈએ તે જ ભાવ. આ અરસામાં હર્ષદભાઈ માસ્તર પણ મારી જેમ ગુરુજી પાસે આવતા થયેલ. તેથી મારે અને હર્ષદભાઈ માસ્તરને થોડો ઘણો પરિચય થયો. તેઓ પણ મારા સસરાની સોસાયટીમાં રહેતા અને વળી પાછા જ્ઞાતિભાઈ તેથી પરિચય ઠીક ઠીક પ્રમાણમાં વધ્યો. તેથી પછી અમે બન્ને કોઈ કોઈ વાર ગુરુજી પાસે જતા. ક્યારેક ઘરે જતા તો ક્યારેક દુકાને જતા. મોટા ભાગે તો સાંજના સમયે દુકાને જતા અને થોડીવાર પૂજ્યશ્રી સમીપ નારાયણ કરી બેસીને પાછા નીકળી જતા. ગુરુજી પાસે જતા ત્યારે મનમાં આનંદ અને શાંતિ છવાઈ જતી હતી. આવો ક્રમ કેટલોક સમય ચાલ્યો. ત્યારબાદ મારા મોટા સાળા ગિરીશભાઈનાં લગ્ન થયાં. પછી હું અને મારાં પત્ની તથા મોટો બાબો હેતાંગ જે લગભગ એક વરસનો હતો, પાછાં રાયપુરના ઘરે રહેવા ચાલ્યાં ગયાં. ત્યારબાદ પણ થોડાક દિવસ જાય એટલે પૂજ્યશ્રી પાસે જવા મન ઉછાળા મારે અને પછી જઈ આવું એટલે

મનમાં આનંદ અને શાંતિ સ્થપાઈ જાય.

એક દિવસ સાંજના હું પૂજ્યશ્રી પાસે દુકાને ગયો હતો. ત્યારે પૂજ્યશ્રીએ મને જણાવ્યું કે "મણીનગર ખાતે મુકિત મેદાનમાં પૂ. મુક્તાનંદબાબાના ગુરુદેવ આશ્રમ તરફથી સ્વાધ્યાય કેન્દ્ર ચાલુ થયું છે. અને બાબાજીના ખાસ આગ્રહથી તેનું ઉદ્‌ઘાટન અમારી પાસે કરાવેલ તો અનુકૂળતા હોય તો ત્યાં જતા રહેવું જેથી સ્વાધ્યાય- સત્સંગનો લાભ મળે." આ જાણ્યા પછી હું તે સ્વાધ્યાય કેન્દ્રમાં નિયમિત જતો થયો. અઠવાડિયામાં એક વાર સાંજે ૭ વાગે સ્વાધ્યાય સત્સંગ હોય. પ્રથમ પૂજ્યશ્રી પાસે દુકાને જતો અને પછી કેન્દ્રમાં જતો હતો. લગભગ એક વરસ નિયમિત કેન્દ્રમાં ગયો. કેન્દ્રમાં પણ સ્વાધ્યાયીઓ સાથે ઠીક ઠીક પ્રમાણમાં પરિચય થયો. સ્વાધ્યાયમાં આવતા સ્વાધ્યાયીઓ મોટે ભાગે પૂજ્યશ્રીના પણ ખૂબ જ પ્રેમી હતા, પૂજ્યશ્રી પ્રત્યે ખૂબ જ આદર રાખતા હતા. તે અરસામાં "ગુરુદેવ આશ્રમ"- ગણેશપુરીમાં શક્તિપાત દીક્ષા શિબિરનું આયોજન થતું. બાબાજી દીક્ષાર્થીઓને શક્તિપાતની દીક્ષા આપતા. સહસ્વાધ્યાયીઓના આગ્રહથી નવો અનુભવ થશે તે આશયથી હું પણ શિબિરમાં ભાગ લેવા ગણેશપુરી ગયો. દરેક શિબિર બે દિવસની રાખવામાં આવતી હતી. શિબિરમાં ભાગ લેવા જ્યારે ગુરુદેવ આશ્રમે પહોંચ્યો ત્યારે ખબર પડી કે આગલા દિવસે જ બાબાજીની તબિયત બગડી હોવાથી હોસ્પિટલમાં દાખલ કરેલ છે. બાબાજી દીક્ષા આપશે નહીં, પરંતુ તેઓશ્રીના શિષ્ય દીક્ષા આપશે. મનમાં જોકે અફસોસ થયો કે બાબાજીનાં દર્શનનો લાભ મળશે નહીં. પછી વિચાર્યું કે જે થાય તે સારા માટે. પરમાત્માની જેવી ઇચ્છા. કેમકે અનેક જન્મોના ઋણાનુબંધથી સમય આવે કોઈ પણ નિમિત્તે આપણો મેળાપ કયા ગુરુ- સંત-સિધ્ધ-યોગી સાથે થશે અને તેઓશ્રીની કૃપા થકી આપણે કલ્યાણ-પથમાં આગળ વધીશું તેની આપણને ખબર હોતી નથી. તેથી નાસીપાસ થયા વગર આપણે આપણી રીતે સભાનતાપૂર્વક સક્રિય રહી તે દિવ્ય-આત્મોન્નતિદાયક ફળની પ્રતીક્ષા કરવી જોએ. શિબિરમાં દીક્ષા દરમ્યાન મારી સાથેના હોલમાંના બીજા દીક્ષાર્થીઓને અનેક પ્રકારની ક્રિયાઓ થતી પરંતુ મને કોઈ જાતની ક્રિયા થતી નહીં. હોલમાં એકદમ આછું અજવાળું રાખવામાં આવતું હતું. ત્યાં આંખો બંધ કરીને એકાગ્ર થવાનો ખૂબ પ્રયત્ન કરતો પરંતુ આંખો ખૂલી જ જતી અને આજુબાજુ જે જાતજાતની ક્રિયાઓ બીજા દીક્ષાર્થીઓને થતી તે બેઠો બેઠો જોયા કરું. વિચારું કે મને તો આમાંનું કાંઈ જ થતું નથી. પછી પાછો સમાધાન કરી લઉં કે આમાં હું નવો નિશાળિયો, વળી અનેક દુર્ગુણો મારામાં સ્થૂળ- સૂક્ષ્મ રૂપે રહેલા હોય તેથી મને આમ ન થાય. શિબિર પત્યા પછી પાછો ઘરે આવ્યો. ત્યાર બાદ થોડા સમયમાં ગુરુપૂર્ણિમા આવી. ગુરુપૂર્ણિમા મહોત્સવની ઉજવણી ગુરુપ્રેમીઓ ધામધૂમથી, પ્રેમથી, આનંદ- ઉત્સાહથી, ભક્તિભાવથી ઊજવતા હોય છે. મેં તો કોઈને પણ ગુરુ તરીકે સ્વીકારેલ નહીં તેથી મારે તો એવી કોઈ ઉજવણીમાં ભાગ લેવાનો હતો નહીં. પરંતુ ગુરુપૂર્ણિમાના થોડા દિવસ પહેલાં હું પૂજ્યશ્રી પાસે ગયેલો ત્યારે તેઓશ્રીએ કહેલું કે ગુરુપૂર્ણિમાના દિવસે શક્ય હોય તો અનુકૂળતા પ્રમાણે ગાયત્રીમંત્રના જપ કરવા. તેથી ગુરુપૂર્ણિમાએ મેં થોડા ગાયત્રી મંત્રના જપ કરેલા. ગુરુપૂર્ણિમા પછી થોડાક દિવસોમાં મનમાં વિચારોનું તોફાન ઊપડયું કે જીવનમાં કાંઈક પામવું હોય, આત્મોન્નતિ કરવી હોય, તો ગુરુજી તો કરવા જ જોઈએ. ગુરુજી વિના કદાચ ભૌતિક ઉન્નતિ સાધી શકાય, પરંતુ કલ્યાણ માર્ગમાં આગળ વધી શકાય નહીં. ગુરુજી વિના જીવન અધૂરું કહેવાય, ખાલી કહેવાય. પછી મનમાં પ્રશ્ન ઉપસ્થિત થતો કે ગુરુજી કેવા કરવા જોઈએ? તેનો જવાબ પણ અંદરથી જ મળતો કે કલ્લાકો સુધી લાઈનોમાં ઊભા રહીને ઘણી જ પ્રતીક્ષા કર્યા બાદ વરસે બે વરસે એકાદ વાર અડધી મિનિટ માટે ગુરુજીની સમીપ જઈ દર્શન કરવાની તક મળે તેવા ગુરુજી મારે નથી કરવા. મારે તો એવા ગુરુદેવના આત્મોન્નતિદાયક ચરણકમળમાં રહેવું છે કે જેઓની પાસે હું પ્રેમથી જ્યારે પણ જાઉં (ગુરુદેવને અનુકૂળ હોય તેવા સમયે) ત્યારે તેઓશ્રીના ચરણકમળમાં અડધો કલાક-કલાક શાંતિથી બેસાય, પ્રત્યક્ષ સાચી સમજણનો સત્સંગ થાય, ગૃહસ્થજીવનમાં સર્વે કુટુંબીજનો સાથે સુખ-

સંપ અને શાંતિથી સર્વે કુટુંબીજનોની આધ્યાત્મિક ઉન્નતિ થાય તેમ રહેવાનું માર્ગદર્શન મળે. પછી મનમાં પ્રશ્ન ઉપસ્થિત થાય કે એવા સમર્થ ગુરુદેવ કોને કરવા? જવાબ રૂપે મન ફરી ફરીને પ. પૂ. ગુરુદેવશ્રીના ચરણકમળમાં આવીને સ્થિર થાય. મારા તો આ જ ગુરુદેવ બીજા નહીં, બીજા બધા પ્રત્યે અનાદર નહીં. પૂજ્યભાવ, આદરભાવ ખરો પણ ગુરુભાવ નહીં. વળી ગુરુસંતોના, આધ્યાત્મિક જનોના સાનિધ્યમાં આવવા- જવાથી એટલી સમજ આવેલી કે જીવનમાં ગુરુદેવ કે જે શિષ્ય માટે સર્વસ્વ છે, સાક્ષાત્ પરમાત્મા સ્વરૂપ છે તે એક જ કરાય. વળી ગુરુદેવ શેના માટે કરાય? આધ્યાત્મિક ઉન્નતિ માટે, નહીં કે ભૌતિક સુખ સાહ્યબીની પ્રાપ્તિ માટે. પરંતુ જો લોકોની દેખાદેખી કે આવેશ ઉત્સાહમાં આવીને ગુરુજી બનાવીયે અને પછી આપણી ઇચ્છાઓની પૂર્તિ ન થાય એટલે તેઓથી વિમુખ થઈ જઈએ તેવું તો કદીયે ન કરાય. વળી ગુરુજી એવા કરવા જોઈએ કે જે શિષ્યને સાચી સમજણના જ્ઞાન દ્વારા આધ્યાત્મિક ઉન્નતિ કરાવે, કે જેથી શિષ્ય એવું સાત્ત્વિક, સરળ, સ્વ અને પરહિતમય જીવન જીવી મનુષ્યજન્મની સાર્થકતા કરે. વળી એક વાર આવા સદ્ગુરુદેવ સાથે આધ્યાત્મિક રીતે બંધાયા પછી ગુરુ- શિષ્યનો નાતો અટૂટ પ્રેમથી સદા બંધાયેલો રહેવો જોઈએ. દિવસ-રાત તેમાં વૃધ્ધિ થાય, ઓટ આવે નહીં. જો તેમ ન થાય અને ગુરુદેવથી વિમુખ થઈએ તો ગુરુદ્રોહ કર્યો કહેવાય. અને તેથી જે પાપકર્મ બંધાય છે તે બ્રહ્મહત્યાથી પણ અનંત ઘણું વધુ છે. આ સમજને કારણે મન ગુરુદેવના રૂપે પૂજ્યશ્રીમાં સ્થિર થતું હોવા છતાં પણ લગભગ ત્રણેક મહિના સુધી મનમાં ને મનમાં સતત ચિંતન-મનન ચાલતું રહ્યું. ત્યાં સુધી પૂજ્યશ્રીને ગુરુદેવ સ્વરૂપે સ્વીકારેલ નહીં. પરંતુ પછી એવી સ્થિતિ સર્જાઈ કે પૂજ્યશ્રી, પ્રત્યેનું ખેંચાણ એકદમ તીવ્ર બની ગયું. મન ખૂબ જ બેચેન બની ગયું અને મનોમન નક્કી કરી લીધું કે મારા ગુરુદેવ, મારા સર્વસ્વ પૂજ્યશ્રી બીજું કોઈ જ નહીં અને સાંજે હું પૂજ્યશ્રી પાસે દુકાને ગયો. પૂજ્યશ્રી તેમની ગાદી ઉપર બેસીને કોઈ મશીન રિપૅર કરતા હતા. હું પૂજ્યશ્રીને નારાયણ કરીને ત્યાં બાંકડો રાખેલ ત્યાં બેઠો. થોડીક વાર થઈ ત્યાં હર્ષદભાઈ માસ્તર આવ્યા અને પૂજ્યશ્રીને નારાયણ કરી મારી બાજુમાં બેઠા. વળી થોડોક સમય ગયો ત્યાં શ્રી ગુરુપ્રેમભિક્ષુજી (વિનુભાઈ શાહ) આવ્યા અને પૂજ્યશ્રીને નારાયણ કરીને બાંકડે બેઠા અને પછી થોડી વાર પછી તેઓ ગયા. હું અને માસ્તર બેઠા હતા અને પૂજ્યશ્રી મશીન રિપૅર કરી રહ્યા હતા. આમ ને આમ ખાસ્સો સમય પસાર થઈ ગયો. લગભગ સાડા સાત વાગવા આવ્યા હતા. પછી પૂજ્યશ્રીએ મશીન બાજુએ મૂકી અને મને કહ્યું કે કેમ ભાઈ આજે આવી ગયા? મેં પૂજ્યશ્રીને મારી વીગત ટૂંકમાં જણાવી અને અંતે કહ્યું કે આજે દૃઢ નિશ્ચય કરીને આપશ્રીની સમીપ ઉપસ્થિત થયો છું કે આપ જ મારા ગુરુદેવ-સદ્ગુરુદેવ. પૂજ્યશ્રી કાંઈ બોલ્યા નહીં. કાંઈ ઊંડા વિચારોમાં હોય તેમ થોડીક વાર બેસી રહ્યા. પછી ડેસ્કના ખાનામાંથી એક ડાયરી કાઢી અને તેમાંથી એક ફોટો કાઢીને મને જોવા આપ્યો. મેં ફોટો જોયો. આસન ઉપર પૂ. કૃપાલ્વાનંદજી ધ્યાનસ્થ અવસ્થામાં બિરાજેલ છે તથા તેઓશ્રીના ચરણકમળમાં રમણસ્વામી આંખો બંધ કરી બેઠા છે. બન્ને એકબીજામાં એકાકાર થઈ જવા માંગતા હોય તેવા ભાવ ઉત્પન્ન થતા હતા. પછી મેં ફોટો ગુરુજીને પાછો આપ્યો. પૂજ્યશ્રી મને કહે કે સુંદર ફોટો છે, ભાવ પણ સુંદર છે નહીં ? પછી કહે કે આવતા-જતા રહેવું. સત્સંગનો આનંદ કરીશું. હવે દુકાન વસ્તી કરવાનો સમય થયો હોવાથી પૂજ્યશ્રીએ દુકાન બંધ કરી અને અમને પણ ઘરે જવા કહ્યું. હું અને માસ્તર પૂજ્યશ્રીને નારાયણ કરી મુક્તિમેદાન બાજુ જવા નીકળ્યા. અમે હજી મુક્તિમેદાન સુધી પહોંચ્યા પણ ન હતા ત્યાં તો પૂજ્યશ્રી સાયકલ ઉપર પાછળથી આવી મારા ખભે હાથ મૂક્યો. અમે ઊભા રહી ગયા, પૂજ્યશ્રીએ પણ સાયકલ ઊભી રાખી. પછી મને કહે કે જ્યારે પણ ઇચ્છા થાય ત્યારે કોઈ પણ સમયે અને જ્યાં પણ હોઈએ ત્યાં આવવાની છૂટ છે. એટલું કહીને પછી સાયકલ ઉપર બેસીને જતા રહ્યા. છતાં પણ આજ સુધી સામાન્ય સંજોગોમાં પૂજ્યશ્રીને અનુકૂળ હોય તે સમયે જ તથા બહાર ગયેલ હોય તો પૂજ્યશ્રી અનુમતિ આપે તો જ નારાયણ કરવા જવાનો નિયમ પાળવાનો સતત પ્રયત્ન કરેલ છે. પછી તો

ગુરુજીના સાન્નિધ્યમાં વાંરવાર જવાનું થતું રહ્યું. પૂજ્યશ્રી પ્રત્યે પ્રેમ, આદર, પૂજ્યભાવ વધતા જ ગયા, વધતા જ ગયા. પછી તો મનની એવી સ્થિતિ થઈ ગઈ કે દિવસમાં એક વાર જો પૂજ્યશ્રીના સાન્નિધ્યમાં જવાનું ના મળે તો મન બેચેન બની જાય. આથી લગભગ નિત્ય પૂજ્યશ્રીના સાન્નિધ્યમાં જવાનો જીવ નો ક્રમ બની ગયો. મારાં પત્ની ઉષાબેન આ સર્વેમાં મને સંપૂર્ણ સાથ-સહકાર આપતાં રહ્યાં અને તેઓ મારાથી પણ વિશેષ ગુરુમય થઈ ગયાં. મને સતત તેમનામાંથી ગુરુપ્રેમ, ભકિત, સેવાની પ્રેરણા આજ સુધી મળી રહી છે. હાલમાં મને પંચાવન વરસ થયાં છે. અમારાં બે બાળક હેતાંગ તથા આશિષ ગુરુદેવના ખોળામાં રમી મોટાં થયેલાં. તેઓનાં પણ લગ્ન થઈ ગયાં. હેતાંગની પત્ની માર્ગીબેન તથા આશિષની પત્ની જ્યોતિબેન. હેતાંગના ઘરે પણ દીકરો છે. તેનું નામ પ્રીત. આજે તે પણ પાંચ વરસનો થઈ ગયો. છે. તેને ચાલતાં ન્હોતું આવડ્યું ત્યારથી તે પણ પૂજ્યશ્રીનો ખોળો ખૂંદતો આવ્યો છે. વળી મારા સાળા ગિરીશભાઈની પત્ની નયનાબહેન નાની ઉંમરે ઓચિંતાં ગુજરી ગયેલ. તે સમયે તેમને એક બાબો અને એક બેબી હતાં બાબાનું નામ શિવાંગ અને બેબીનું નામ અવની. બન્નેની ઉંમર ખૂબ નાની હતી. ઘરનાં વડીલોએ ગિરીશભાઈને ફરી લગ્ન કરવા ખૂબ જ સમજાવેલ. પરંતુ તેમણે લગ્ન કરવાની ચોખ્ખી ના પાડી. તેઓ કહે કે જો મારાં નસીબમાં પત્નીનું સુખ હોત તો મારા પત્ની મૃત્યુ પામતે જ નહીં. વળી ફરી લગ્ન કરું અને નવું આવનાર પાત્ર યોગ્ય ન હોય તો બન્ને બાળકોની જિંદગી બગડે. આમ તેમણે ફરી લગ્ન નહીં કરવાનો દૃઢ નિશ્ચય મનોમન કરી લીધો અને તે માટે તેમણે અમારો સાથ માંગ્યો. ત્યારથી અમો સાળા-બનેવી સહકુટુંબ સાથે રહીએ છીએ. એકજ કુટુંબની જેમ જ બધા એકરૂપ થઈ ગયા છીએ. ભલે સમાજના લોકો, સગાં- સ્નેહીઓ અમારાં બન્ને કુટુંબને ભિન્ન માનતાં હોય. પરંતુ અમે તેમ માનતા નથી. અમારું આખું કુટુંબ ખૂબ જ પ્રેમ અને સંપથી રહે છે. આખું કુટુંબ ખૂબ જ ગુરુદેવમય બની ગયું છે. વળી અત્યાર સુધી ગુરુદેવ અવાર-નવાર અમારા નિવાસ સ્થાને અમારી સાથે રહેવા વર્ષોથી પધારતા અને થોડા-થોડા સમયે અર્થાત્ વરસમાં બે-ત્રણ-ચાર વખત બહારગામ પણ સાથે જવાનું થતું રહેતું. પરંતુ હાલમાં ગુરુદેવની અવસ્થા થઈ હોવાથી તથા શારીરિક તંદુરસ્તી બરાબર રહેતી નહીં હોવાથી તેમાં મંદતા આવી છે. પરંતુ હાલમાં પણ બે-ચાર-છ કલાક માટે પણ અનુકૂળતા હોય તો અવશ્ય પધારે છે. તેમની કૃપાથી જ અમારું આખું કુટુંબ સુખ-શાંતિપૂર્વક પ્રેમના અટૂટ તાંતણે બંધાઈને રહે છે. આનું નામ જ ગુરુકૃપા. ગુરુદેવ કૃપા કરે છે તે કાંઈ કહીને કરતા નથી. તેમની કૃપા સતત વરસતી જ હોય છે. તેને પામવા માટે આપણે પાત્રતા કેળવવાની હોય. ગુરુદેવને સતત પ્રાર્થના કરીએ છીએ કે આપશ્રીની અસીમ કૃપા અમારા કુટુંબ ઉપર અખંડ વરસતી રહે અને તેને સતત પામવા માટેની પાત્રતા અમારામાં બની રહે કૌટુંબિક ભાવના, ગુરુપ્રેમ સદા સર્વદા અખંડ રહે અને દિન-રાત તેમાં સતત વધારો થતો રહે તેવી પ્રાર્થના કરીએ છીએ.

# ગુપ્ત સંતોનું ગુપ્ત મહાકાર્ય

ગામમાં એક આત્મજ્ઞાની સંન્યાસી તેના યુવાન શિષ્ય (બ્રહ્મચારી) સાથે નિયમિત ઘેર-ઘેર ફરીને ભિક્ષા માંગવા (કરવા) જતા. બન્નેના હાથમાં ભિક્ષા લેવાનું ખપ્પર (પાત્ર) રહેતું. ક્યાંક માત્ર ખપ્પરમાં ભિક્ષા લેવાતી, તો ક્યાંક કોઈ પ્રેમી ભક્તના પ્રેમાગ્રહને લીધે ઘરમાં બેસીને ભિક્ષા લેવાતી.

સંન્યાસી ગુરુદેવ તેના બ્રહ્મચારી શિષ્યને ભિક્ષા લેવાના જુદા જુદા પ્રસંગોથી અને તેમાં ઊભી થતી જુદી જુદી પરિસ્થિતિમાંથી બોધ આપતા રહેતા અને ધીરે ધીરે શિષ્યને સંસાર પ્રત્યેની અને સાધનામય જીવન પ્રત્યેની સાચી સમજણ કેળવાય તેવો પ્રયત્ન કરતા. શિષ્ય હૃદયથી ઘણો સ્વચ્છ હતો. પણ થોડો વધુ ઉત્સાહી અને ક્રોધી હતો. બન્ને સંતોને ઘણીવાર સરળતાથી ભિક્ષા મળતી, તો ઘણી જગ્યાએ કટુ વચનો સાંભળવા ઉપરાંત ભિક્ષા પણ

ના મળતી. હા, એક વૃધ્ધ દંપતી તેમનો હંમેશા સારો આતિથ્ય-સત્કાર કરતું. દંપતી સાચી રીતે સંતપ્રેમી હતું એટલે બન્ને સંતોને ખૂબ જ પ્રેમથી વિનમ્રતાથી ઘરમાં સારી રીતે બેસાડીને ભિક્ષા કરાવતું અને અનુકૂળ હોય ત્યારે દક્ષિણા પણ આપતું. દંપતીનો એકનો એક પુત્ર અને તેની પત્ની તેમની સાથે જ રહેતાં. હવે આ પુત્રવધૂ નવા જમાનાના રંગે રંગાયેલી હતી એટલે તેને સાધુ-સંન્યાસીઓ તથા તેમની આગતા-સ્વાગતા-સેવા ભિક્ષા વગેરે પ્રત્યે અંદરથી નફરત/ચીડ રહેતી. સાસુ/સસરા ના કહેવાથી તે ભિક્ષા તો પીરસતી પણ મનમાં-હ્રદયમાં કચવાટ રહેતો. સંતને આ વાતની ખબર તો હતી પણ તેઓ ઈશ્વરની જ ઇચ્છા ગણીને શાંત રહીને તેને માટે પ્રાર્થના કરતા. પુત્રવધૂને પણ સાસુ-સસરા સાથે જ રહેવાનું હોવાથી તેમની આજ્ઞા માની મન-કમને સંતોને ભિક્ષા આપ્યા વગર છૂટકો ન હતો.

હવે વિધિનું કરવું ને એક વખત વૃધ્ધ દંપતીને બે-ત્રણ માસ માટે જાત્રાએ જવાનું થયું. તેમણે પુત્રવધૂને મહાત્માઓની યોગ્ય સેવા કરવાની સૂચના પણ આપેલ. આ તરફ સંત તથા શિષ્ય ભિક્ષા લેવા તેમના ઘરે આવ્યા. બહાર ઊભા રહીને 'ભિક્ષાન્ન દેહી' નો સાદ કર્યો. તો પ્રથમ તો અંદરથી જ ઊંચા આવાજે જવાબ આપ્યો કે બહાર જ ઊભા રહેજો મારાં સાસુ-સસરા જાત્રાએ ગયાં છે. સંત પરિસ્થિતિ સમજી ગયા, છતાં પ્રેમથી ભિક્ષા માટેની માંગણી કરી. પુત્રવધૂએ જાણે નફરત બહાર કાઢવાનો આ શ્રેષ્ઠ મોકો હતો. તેણે બન્ને હાથમાં રાખ ભરી ને એકદમ બહાર આવી, બન્ને સંતોના ખપ્પરમાં ઝડપથી ઠાલવી દીધી અને ક્રોધમાં બે-ચાર આકરાં વેણ પણ બોલી ગઈ. સંત તો ખૂબજ શાંતિથી ઊભા જ રહ્યા. પણ શિષ્યથી બોલાઈ ગયું કે "બહેન! તારે ભિક્ષા નહોતી આપવી તો ના પાડવી હતી પણ આ ખપ્પરમાં રાખ નાંખવાની શું જરૂર હતી?" સંતે તરત જ શિષ્યને રોક્યો અને કહ્યું, "ના બહેને સારું જ કર્યું છે. આપણને ભિક્ષા તો આપી છે ને? ભલેને રાખની!" પછી બહેનને કહ્યું, "બહેન તારું કલ્યાણ થાઓ." બસ આટલું કહી સંત તથા શિષ્ય બીજે જવા ચાલી નીકળ્યા. શિષ્ય ઉત્તેજનામાં ગુરુદેવને કહેવા લાગ્યો. "હવે ભિક્ષા ક્યાંથી મળશે?" ગુરુદેવ કહે "પરમાત્માની કૃપાથી એ પણ થઈ જ જશે જ; નહીંતર આજે ઉપવાસ રાખશું. શિષ્ય કહે "પણ ગુરુજી આપે પેલી વિવેકહીન વહુને કાંઈ ના કહ્યું? તેણે આપણું કેવું અપમાન કર્યુ? અને ભિક્ષા આપી તો રાખની આપી."

ગુરુદેવે કહ્યું, "તેણે સારુંજ કર્યું છે. આપણું આ પૃથ્વી પર કામ શું? પરમાત્માનું ભજન કરવાનું અને તેની કૃપા તથા પ્રેરણાથી જનસમાજમાં સારા સંસ્કારોનું સિંચન કરવાનું. તું જો કે એ બહેનને સાધુ-સંતોને ભિક્ષા દેવાનો સંસ્કાર તેનાં સાસુ-સસરાને લીધે પડ્યો છે. એટલે ભિક્ષા તો દેવી જ એ ટેવ તેના ચિત્તમાં જડાઈ ગઈ છે. હવે આજે તેણે ક્રોધમાં કે તિરસ્કારમાં ભિક્ષા આપી છે ભલે ને રાખની પણ આપી તો છે!! ને આજે જો રાખની ભિક્ષા આપી છે તો એક દિવસ પરમાત્માની કૃપાથી અન્નવસ્ત્રની પણ ભિક્ષા આપશે જ. એનું નામ જ સંસ્કાર સિંચન. આપણા દેશના બધા જ મહાન ઋષિ- મુનિઓ- સંતો- અવતારોએ કાળના અલગ-અલગ તબકકામાં આ જ કાર્ય કર્યું છે. શિષ્યને ખૂબ સારી સમજણ પ્રાપ્ત થઈ અને તેણે ગુરુજીનો આભાર માન્યો. આ વાત પરથી આપણને ખ્યાલ આવે છે કે સાચા આત્મજ્ઞાની સંતો કેવી રીતે પરમાત્માનું સંસ્કારસિંચનનું કાર્ય કરતા હોય છે. આ જ વાતનું એક દિવ્ય ઉદાહરણ છે. પ. પૂજ્ય યોગભિક્ષુજી. યોગની સાધના થકી ઈશ્વરનો સાક્ષાત્કાર કર્યા બાદ (કંઈજ કરવાનું ના હોવા છતા ઈશ્વરની જ પ્રેરણાથી જનસમાજ સારા અને સાચા આધ્યાત્મિક માર્ગે જાય તથા ઈશ્વર તરફ સાચી સમજણવાળી ભક્તિ વધે તેવા તેમના દિવ્ય પ્રયત્નો છે. આમ, તેઓશ્રી સાવ અલિપ્ત છતાં ૐ પરિવાર ને માધ્યમ બનાવીને પુસ્તકો-પ્રવચનો, કેસેટસ, શિબિરો, તથા પ્રસંગોની ઉજવણીઓ વગેરે દ્વારા શિષ્યો ભક્તજનો, તેમના પરિવારો તથા સમગ્ર જનસમાજમાં ધર્મપ્રેમીઓનું શારીરિક, માનસિક, નૈતિક, આર્થિક અને આધ્યાત્મિક ઉત્થાન થાય તેવા પ્રયત્નો (નાદુરસ્ત તબિયત છતાં) કરતા

રહે છે. કોઈપણ યુનિર્વસિટી, વાઇસ-ચાન્સલેર અનેક કોલેજના આચાર્યો. પ્રોફેસરો વગેરે ભેગાં મળીને પણ ના કરી શકે, કે ન સમજી શકે તેવું ગહન (ગૂઢ) સંસ્કાર તથા ચારિત્ર ઘડતરનું પાયાનું કામ તેઓ વર્ષોથી શાંતિપૂર્વક, મક્કમતાપૂર્વક કરી રહ્યાં છે. આ વાતની સાચી સમજ તથા કિંમત કોઈ બીજા સંત સમજી શકે છે એવું આ બાળક નમ્ર પણે માને છે. છેલ્લાં દસ-બાર વર્ષમાં મને એમની પાસેથી ઘણું જાણવાનું-શીખવાનું મળ્યું છે. તેમણે હંમેશ મારા પર દિવ્ય પ્રેમની વર્ષા કરી છે. જે બદલ હું હંમેશા તેમનો ઋણી રહીશ. મારી પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના છે કે પૂ. યોગભિક્ષુજી સારા સ્વાસ્થ્ય સાથે આપણા સર્વ પર, આવનારાં અનેક વર્ષો સુધી તેમનાં આર્શીવાદ-માર્ગદર્શન તથા પ્રેમની વર્ષા કરતા રહે.

એજ.

રશ્મિકાંત ભટ્ટ ના પ્રણામ.

(એમ. કોમ. એલ. એલ. બી.,, ઇન્ટર સી. એસ.)

(યોગદા સત્સંગ સોસાયટી ઓફ ઇન્ડિયાના ભક્ત)

# "મારા ગુરુજી નાના-મોટા સર્વેને કેમ ગમે છે?"

મારા ગુરુજી "યોગભિક્ષુજી મહારાજ" નાના-મોટાને ગમે છે એટલું જ નહિ જ્ઞાની, અજ્ઞાની, ભણેલા કે અભણ, શહેરીજનોને કે ગ્રામ્ય જનોને, બુધ્ધિપ્રધાન કે હૃદયપ્રધાન સર્વને કેમ ગમે છે. તેનો જવાબ એક લીટીમાં આપી શકાય એમ નથી. તેઓના જીવન વિષે જોઈએ.

ગુરુજીનું જીવન જ અલૌકિક છે. તેમની લીલા વિષે સંત અવધૂત કહેતા "તેઓ સૂક્ષ્મ રૂપે મને દર્શન આપે છે. તેઓ અવતારી પુરુષ છે !"

ગુરુજીના જીવન વિષે જોઈએ તો ગુરુજીનો જન્મ નદાંણ ગામમાં થયેલો, પિતાજી શિક્ષક હતા. માતાનું નામ ગોદાવરીબા હતું. માતૃભૂમિ હળવદ છે. ગુરુજી નાનપણમાં ખંડેરાવપુરામાં રહેલા.

ખંડેરાવપુરામાં પ્રાણલાલ અને જટાશંકર મામા ખૂબ જ દિવ્ય અને વૈરાગ્યવાન પુરુષ હતા. પૂ. ગુરુદેવ તેમના સાન્નિધ્યમાં ઊછરેલા. એટલે આધ્યાત્મિક ગુણો પ્રથમ જ હતા. જટાશંકરમામા બાળબ્રહ્મચારી હતા.

ભવપ્રત્યયો વિદેહ પ્રકૃતિલયાનામ્ (૧૯)

(અસંપ્રજ્ઞાતના) જ્ઞાન સહિત જન્મે છે. વિદેહ અને પ્રકૃતિલયીની જેમ જીવે છે.

સોળ વર્ષની ઉંમરે લગ્ન નહિ કરવા અને જીવનને સાર્થક કરી લોક-કલ્યાણનાં કાર્યો કરવા ઉપરાંત પાતંજલ યોગદર્શનનો અષ્ટાંગયોગ સિધ્ધ કરવાનો સંકલ્પ કરેલો.

ખંડેરાવપુરાવાળા ચાર ભાઈઓએ રવજીભાઈ, રાઘવજીભાઈ, લક્ષ્મણભાઈ, અને માધાભાઈએ સાથે મળીને ખેતરમાં ભોંયરા સાથે "યોગસાધના કુટિર" બનાવી આપેલી, જે હાલમાં હયાત છે. ગુરુજી શિયાળામાં યોગના પ્રયોગો કરવા કુટિરે આવતા, એકાદ કે બે માસ રોકાતા, હું સાંજના સમયે ગુરુજીનાં દર્શન કરવા જતો. મારામાં જિજ્ઞાસાવૃત્તિ વધારે એટલે પ્રશ્નો બહુ પૂછતો. એના જવાબો ગુરુજી સંતોષકારક આપતા. ગુરુજી સંડાસ જવા જતા તો હું ડબલું ઉપાડી સાથે જતો. એ વખતે તેઓ કહેતા, "તને લોકો શું કહેશે એની શરમ ન આવે?" તો હું બેધડક કહેતો "આ તો મારા ગુરુજીનું કાર્ય છે. એમાં શરમાવા જેવું શું?"

એક વખત રાત્રે રોડ ઉપર જાજરૂ જવા ગયેલા. મને ઊભો રાખી દૂર સુધી ગયેલા. જાજરૂ જવાનો લોટો ઘણો મોટો હતો. જાજરૂ જઈને આવ્યા ત્યારે લોટો પાણીનો અડધો ભરેલો હતો. આવીને એક બાજુ જઈ પાણી બધુ એક ઝાડના થડમાં રેડી દીધું. ઝાડ વિગેરેને પણ ગુરુજી સજીવ સમજતા. "યોગ: કર્મષૂ કૌસલમ્" થી તેમની દીનચર્યા અને જીવનચર્યા હરિભરી રહેતી. અવાર-નવાર તેમનું પરમ કૌશલ્ય સામાન્ય લાગતી બાબતોમાં પણ ઝબકારા મારતું દેખાતું.

"ગુરુજી જ્યારે મને કાંઈ પૂછે તો હું, "બોલો બાપુ કહેતો" ગુરુજી મને કહેતા, "તું બોલો કહે છે એ બરાબર નથી એટલે તારે "હા" કહેવું."

નાના નાના કામમાં ખૂબ જ ચોક્સાઈ રાખે. કુટિરમાં કામ જાતે કરે. અમે કામ કરીએ તે પર ખૂબ જ ધ્યાન આપે.

ગુરુજી સર્વગુણસંપન્ન છે. એમનામાં ઉદારતા, વાત્સલ્યતા, શૂરવીરતા, દીર્ઘદ્રષ્ટિ, શીલવાનપણું વગેરે ગુણો છે. ગુરુજીમાં સર્વ

ઇન્દ્રિયોનું બ્રહ્મચર્ય છે. આટલા બધા ગુણો હોવા છતાં નિરઅહંકારી છે.

ચમત્કારોમાં માનતા નથી. સાદાઈનો ગુણ તો સહેજે દેખાઈ આવે. સંકલ્પશકિતની તો વાત જ ન થાય.

મારે ત્યાં હનુમાનજીનો હવન રાખેલો. હવનમાં અમુક સમય સુધી ગાયત્રી, મારુતિના મંત્રોની આહુતિ આપવાની. એવામાં મારા કુટુંબમાં એક ભાભીનું મૃત્યુ થયું તેવું સાંભળ્યું. કુટુંબવાળા કહે, "હવન બંધ રાખો" પણ ગુરુજી સંકલ્પમાં વિચલિત ન થયા. હવન પૂરો કર્યો. ગુરુભાઈઓએ પ્રસાદી પણ લીધી એ ભાભી વાડીલાલમાં ખૂબ જ બીમાર પડી ગયેલાં. જીવવાની આશા રહી ન હતી. તે વખતે કુટુંબવાળા કહે: "તારા ગુરુજી આવે તો જીવે." એ વખતે હું ગુરુજીને મણિનગર જઈ રિક્ષામાં તેડી લાવેલો, ગુરુજીને રિક્ષામાં તકલીફ પડેલી, હડદો લાગેલો. મારો પ્રેમભાવ જોઈ ગુરુજીએ પોતાની કાંઈ ચિંતા ન કરી. ભાભી બચી ગયેલા. ભાઈ કહે: 'હું હનુમાનજીનો હવન કરાવીશ.' ભાઈ ખૂબ લોભિયા, તે હવન ન કરાવ્યો.

હનુમાનજી ક્યાં સુધી રાહ જુવે. ગુરુજીને "યોગભિક્ષુજી" ને અમે બાપુ કહીને બોલાવીએ. આરોગ્યતાનો ગુણ ગુરુજીમાં પ્રધાનપણે છે. એક વાર ત્રણ ગુરુભાઈઓએ. ચાદ્રાયણ કરેલી. ત્રણ દિવસ પાણી સિવાય કાંઈ લેવાનું નહિ. અમે તો છેલ્લા દિવસ લાડુ બનાવી પારણા કર્યા. એ વખતે અમદાવાદથી ગુરુજી આવેલા. મારે ત્યાં જમવાનું રાખેલું. લાડુ જોઈને અમને મીઠા ધમકાવેલા. ઉપવાસ છોડતી વખતે ખૂબ જ કાળજી લેવી પડે. મગ કે મગના પાણીથી ઉપવાસ છોડવા જોઈએ.

ગુરુજીનો વાત્સલ્ય ભાવ એટલો બધો કે સગા બાપ કરતાં વધારે. એકવાર હું અને નટુભાઈ, ત્યારે અમે ખૂબ નાના, ગુરુજીનાં દર્શન કરવા ગયા. ગુરુજી એ વખતે દુકાન ઉપર કામ કરે, અમે બેઠા હતા બાજુમાં એક પુસ્તક પડેલું, મેં ગુરુજીને પૂછ્યું: 'હું આ પુસ્તક વાચું?' ગુરુજીએ હા પાડી અને બોલ્યા કે તારામાં જિજ્ઞાસાવૃતિ ઘણી છે. અમોને પછી કાંકરિયા ફરવા લઈ ગયા. નગિનાવાડીમાં બેસીને આઇસ્ક્રીમ ખવરાવ્યો.

ગુરુજી મને ખૂબ જ ગમે છે. તેમના તરફ હું ખેચાયો એનું કારણ કહું તો ગુરુજી એક વખત ગોવિંદપુરા આવેલા. દમાભાઈને ત્યાં સાંજનો સતસંગ થતો. નટુભાઈ મને કહે આપણે સાંજે ગોવિંદપુરા જવાનું છે. મેં કહ્યું, 'મારે નથી આવવું મારી તબિયત સારી નથી. મને તાવ આવે છે,' પણ નટુભાઈ લઈ જવા વળગી રહ્યા. મે કહ્યું, 'એક શરતે આવું. ગુરુજી પૂછ્યા વગર મારા તાવનો ઇલાજ બતાવે. નટુભાઈએ કહ્યું, 'સારું બતાવશે.' અમે પ્રસાદીનું શ્રીફળ લઈ સાઇકલ ઉપર ગોવિંદપુરા ગયા. બાપુએ કહ્યું, 'આવો બેસો.' રાત્રે ખૂબ જ સારો જીવન ઉપયોગી સતસંગ થયો. પ્રસાદી લઈ નારાયણ કરી અમે નીકળ્યા. થોડે દૂર ગયા હોઈશું ત્યાં ગુરુજીએ કહ્યું, "બળદેવ, પાછો આવ." હું બાપુ પાસે ગયો. તને તાવ આવે છે? ને મેં કહ્યું "હા", તો કહે, "અવાર નવાર તું મારી પાસે આવતો રહે, બધુ સારુ થઈ જાશે." મને તો વીજળીના ચમકારા જેવુ લાગ્યું, એ પછી તો બાપુએ ખૂબ જ જાગ્રત કર્યો. સ્વપ્નમાં દર્શન આપે. સાંકેતિક ભાષાથી જ્ઞાન આપે છે. મારા નાના-મોટા પ્રસંગોમાં આમંત્રણ આપું એટલે અવશ્ય પધારે. મારા દીકરાના લગ્ન જેવા વહેવારિકમાં પણ આવેલા. ઓછી સમજ અને દેખાદેખી મને ધૂણવાનો ચસકો લાગેલો. ગુરુજીના સતત સાનિધ્યથી તેમાંથી પણ મુક્તિ મળી. "ઘસત ઘસત રાસડિયા, પત્થર પર કરત નિશાન" એ વાત ખૂબ સાચી છે.

ગુરુજી સર્વને ગમે છે. કારણ કે એમનું જીવન એવું છે. તેઓ અવધૂત છે. શરીરમાં રસ, રકત, માંસ, મેદ, મજ્જા અને બિંદુ (વીર્ય)- આ ક્રમે ખાધેલા ખોરાકનો પરિપાક થાય છે. તેનાથી આગળ શુક્ર, ઓજ, તેજ, પ્રાણ, વિદ્યુત, મન અને ચેતના- આ રીતે બ્રહ્મને ધારણ કરી બ્રહ્મચારી બની બ્રહ્મમાં ચર્યા કરે છે. વિદ્યુતનો મુખ્ય ધર્મ જ્ઞાન છે અને આકર્ષણ છે. આવા વિદ્યુતયુક્ત મહાપુરુષ તરફ અનાયાસે પ્રેમ થાય છે. સૌને ગમે છે.

આ લેખમાં મારી આત્મપ્રશંસા કરવાનો મારો કોઈ ઉદ્દેશ નથી. આ તો ગુરુજીના ગુણો ગાવાનો નમ્ર પ્રયાસ છે.બાપુમાં ઉદારતાનો ગુણ ઘણો છે. તેઓ જે ઝભ્ભા પહેરે છે. એવા સીવીને પહેરવાની વાત કરી તો તેઓએ તેમના બે ઝભ્ભા મને આપ્યા. હાલમાં હું પહેરું છું. બાપુમાં ભક્તો

પ્રત્યે કેવો ભાવ એની વાત કરું તો બાપુ તે વખતે યોગસાધના કુટિરમાં રહેતા હતા. એ વખતે નાથાભા કરી ભગત બાપુના ખૂબ પ્રેમી માંદા પડેલા. વાડીલાલ હોસ્પિટલમાં દાખલ કરેલા. ત્યાં તેમનો દેહ છૂટી ગયો. બાપુ કહે, "બળદેવ આપણે અમદાવાદ જવાનું છે." બાપુ, હું અને બીજા ભક્તો વાડીલાલમાં ગયા. નાથાભાને કુટુંબમાં કોઈ નહિ. બાપુએ સર્વ વિધિ કરી. બાપુ, હું અને ભક્તો કાંધે લઈ ગાયત્રીમંત્ર સાથે અગ્નિસંસ્કાર આપ્યો. આવાં અનેક કામ બાપુએ ભક્તોનાં કર્યાં છે.

સદ્ગુરુ તો પરમગુરુ પરમાત્માના પ્રતિનિધિ છે. તેઓ દુનિયાને ભ્રમણામાંથી બહાર કાઢી, સાચી સમજણ આપી, સાચો રાહ બતાવે છે.

સંસારને ભવસાગરની ઉપમા આપેલી છે, તેને તરવા માટે ગુરુ રૂપી નાવમાં બેસી "ૐ ગુરુ ૐ" મંત્રનાં હલેસાં બનાવી સામે કિનારે ચોકક્સ પહોંચી જઈશું.

આપણાં તો ખરેખર અહોભાગ્ય છે કે આપણને બ્રહ્મનિષ્ઠ, બ્રહ્મશ્રોત્રિય યોગી ગુરુ મળ્યા છે. તેમની સાથે તાદમ્ય સાધીએ, તેમના ગુણો આપણામાં અનાયાસે આવી જશે. આપણે કોઈ પાખંડી ગુરુમાં ફસાયા નથી, ભક્તો ભગવાનમાં સમાઈ જાય છે એવા દાખલા આપણે સાંભળ્યા છે. જ્યારે અહીં તો તેનાથી ઊલટું છે. ગુરુ શિષ્યમાં સમાઈ જાય છે. જેમ જેમ શિષ્ય ખાલી થતો જાય, તેમ તેમ ગુરુ સમાઈ જાય. મતલબ કે ગુરુના ગુણો શિષ્યમાં આપોઆપ ઊતરી જાય, શરત છે ગુરુનિષ્ઠાની. છેલ્લે ભાવને રોકી નથી શકતો એટલે લખું છું, ગુરુજીએ જ્યાં સાધના કરી આત્મસાક્ષાત્કાર કર્યો, એવી પવિત્ર જગ્યાઓ સાચવવી જોઈએ. ભવિષ્યમાં આપણા સૌ ગુરુભાઈઓને ઘણી જ ઉપયોગી થશે.

લિ. ગુરુબાળક
બળદેવભાઈ પી. પટેલ ના જય નારાયણ
ખંડેરાવપુરા (કડી)

# પત્રાંશ-૧

(તા. ૧૦/૮/૦૮) -શ્રીમતી ગાયત્રીબેન સેવક

અમારા પૂજનીય ગુરુદેવ.

પરમ પૂજ્ય ગુરુદેવ, જ્યારથી આપના પરિચયમાં હું આવી છું ત્યારથી મને આપના પ્રેમના ખૂબ જ અનુભવ થયા છે.

આપ આજીવન બ્રહ્મચારી હોવા છતાં ભાઈઓ સાથે ભર્યા કુટુંબમાં આપ કેવી રીતે રહો છો ! આપના આચાર-વિચારો કેટલા ઉમદા છે કે આપના જીવનમાં કેટલો પ્રેમ ભર્યો છે કે આપને ત્યાં હજારો ભક્તો દર્શન કરવા આવે છે ! આપને ત્યાં ઘરનાં બધાં જ અમને કેટલા ભાવથી ને કેટલા પ્રેમથી બોલાવે છે કે અમને લાગે છે કે અમારા ગુરુદેવ હોય ત્યાં કંઈજ વિચારવાનું નહીં કે કેટલો પ્રેમ! કેટલો ભાવ! આપને ત્યાં ભક્તો આવે છે તે કહે છે કે "બાપુ! અમે તમને આશ્રમ બનાવી આપીએ. આપ અમેરિકા કાયમ માટે આવો." તો આપ કહો છો કે "મને તો મારું 'ધર્મમેઘ' એ જ મારું ઘર, એ જ મારો આશ્રમ." બસ તો પછી આપ તો ભગવાન જ છો ને દાદા! આપની કૃપાથી મને મારા જીવનમાં ઘણા બધા અનુભવ થયા છે કે આપ સૌના માટે એટલે કે મૂંગાં પ્રાણી હોય કે કોઈપણ ગરીબ, દીન, દુખિયારું હોય તો પણ આપના માટે સૌ સરખાં છે. આપ એટલા દયાળુ છો બાપુ! એની કલ્પના કરવી પણ મુશ્કેલ છે. ગુરુદેવ ! અમારે કંઈપણ મુશ્કેલી હોય તો આપનું અમે નામ લઈ ને અમારી મુશ્કેલી દૂર થઈ જાય છે ને અમારું કામ થઈ જાય છે અને જે સમય આપને યાદ કરીએ કે આપ હાજર થઈ જાવ છો બાપુ, આપ ઓમ્‌પરિવારના બહારના કાર્યક્રમોમાં જે વાણીથી બોલો છો એવો પહાડી અવાજ!.. આપનું હાસ્ય!... બાપુ! આપ પડછંદી અવાજથી જે હસો છો હા.... હા.... હા..... કરીને તો મને મનમાં એટલો આનંદ થાય છે કે હું ઘેર આવીને કહું તો દ ારનાં બધાં મને હસીને કહે કે "આજે મમ્મી ખૂબ જ ખુશ થશે," મેં કહ્યું કે "કેમ મારી મશ્કરી કરો

છો !" તો કહે કે "તું નસીબદાર છે કે તને આપણા ગુરુદેવનું હાસ્ય પ્રોગ્રામમાં જોવા મળે છે." તો હું કહું કે "હું નસીબદાર, તો તમે પણ આવોને. તમને નથી ગુરુદેવનું હાસ્ય જોવાનું મન થતું? તમે કેમ બાકી રહો છો?" સમય સંજોગવશાત બધા સાથે નથી આવી શક્તા. એક વખત હું ધર્મમેઘમાં દર્શન કરવા ગઈ હતી. ત્યારે મારી નજર બાપુના ટેબલ ઉપર બાપુનો મોટો ફોટો હતો તે પર પડી. મને બાપુનો એ ફોટો એટલો સુંદર લાગેલો કે હું હમણાં બાપુ જોડે માંગી લઉં. પણ મને થોડો ખચકાટ લાગ્યો. ના, બાપુ જોડે ના મંગાય. એના કરતાં શશીકાન્તભાઈને કહીશ. મેં શશીકાન્તભાઈને વાત કરી તો કહે છે કે "મારે બાપુને વાત કરવી પડે. બાપુ હા પાડે તો જ ફોટો ગાયત્રીબેન તમને મારાથી અપાય." મેં કહ્યું "સારું." પછી ત્રણથી ચાર વાર શશીકાન્તભાઈ મને મળ્યા. તો શશીકાન્તભાઈ કહે. "મેં બાપુને વાત કરી છે પણ બાપુ કંઈ બોલ્યા નથી." મેં કહ્યું "કંઈ વાંધો નહીં. તમે બાપુને હવે ના કહેતા." થોડા દિવસ પછી મારો બાબો ભાવિક એના જન્મદિવસે બાપુનાં દર્શન કરવા 'ધર્મમેઘ' ગયો. દર્શન કર્યા પછી બાપુએ એજ ફોટો જે મને ગમતો હતો તે લઈને મીઠાઈનું બોક્ષ પ્રસાદીમાં આપીને કહ્યું કે "આ ફોટો તારી મમ્મીને બહુ ગમતો હતો ને તે બેટા! હું ભેટમાં આપું છું. તું મમ્મીને આપી દેજે. મેં તને એ ફોટો ભેટમાં આપ્યો." ત્યારે મારા ભાવિકે મને તરત દાદાને ઘેરથી ફોન કરીને જણાવ્યું કે તને જે ફોટો ગુરુદેવનો ગમતો હતો એ જ ફોટો બાપુએ મને ભેટમાં આપ્યો છે. ત્યારે મને એકદમ હરખનાં આંસુ આવી ગયાં ને મને થયું કે મારાં મા-બાપ ગણો કે ભાઈઓ જે ગણો તે મારે મારા ગુરુદેવ છે. એક દિવસ અમે ઘર બદલ્યું અને ફ્રીજ રસોડામાં ગોઠવી, એની પર મેં બાપુનો ફોટો મૂક્યો. ઘરનાં બધાંને આશ્ચર્ય થયું કે "મમ્મી! ફ્રીજ ઉપર ગુરુદેવનો ફોટો મુકાય!" ત્યારે મેં કહ્યું કે કેમ રસોઈ કરવા કે ઊઠીને રસોડામાં રોજ જવાનું હોય તો મને દાદાનાં દર્શન થાય તે માટે ! તો ઘરનાં બીજું કાંઈ બોલ્યાં નહીં. કહે "જેવી તારી ઇચ્છા."

એક દિવસ હું ટેબલ ઉપર પંખો મૂકી રસોડું સાફ કરતી હતી. એમાં જ્યારે રસોડામાં પાણી સાબુવાળું નાખી સાવરણો ફેરવતી હતી ત્યાં પંખાના વાયર બે જોઇન્ટ હતા તે છૂટા થઈને મારા હાથમાં ચોંટી ગયા. તેથી મારા આખા શરીરમાં કરંટ આવતો હતો, કે હું બૂમ પાડવા જઉં તો બૂમ પણ ના પાડી શકું. એકદમ કરંટની સાથે નીચે ઢળી, એટલામાં મારી નજર ગુરુજી સામે ફ્રીજ ઉપર પડી ને મારાથી બૂમ પડાઈ કે "હું મરી ગઈ!" એટલામાં મારો બીજો છોકરો હીરેન બીજી રૂમમાંથી ઊઠીને આવ્યો ને એણે મારા હાથમાં બે વાયર ચોંટેલા જોયા. એટલે એણે હાથથી વાયરને ઝાટકો માર્યો કે વાયર હાથમાંથી છૂટી ગયા. ને હું નીચે ઢળી પડી. પછી મારાથી આખો દિવસ ઊભું ના થવાયું. શરીર સાવ ખોટું પડી ગયેલું. હાથમાં મોટા ફોડલા થઈ ગયેલા. મને ડૉક્ટર પાસે લઈ ગયા ને બધી વાત કરી કે આ રીતે થયું છે. તો ડૉક્ટર કહે "આવો કેસ ક્યારેય બચી ના શકે. બેન ત્યાં જ પતી ગયાં હોત ને તમારો બાબો પણ મોટી મુશ્કેલીમાંથી બચી ગયો. તમે કોઈ સારાં કર્મો કર્યાં હશે જેથી તમારી પત્ની અને તમારો છોકરો બન્ને બચી ગયાં." ત્યારે મારા પતિ(રાહુલભાઈ) એ કહ્યું, "ના અમારાં કર્મો તો પછી, પણ એને તો અમારા ગુરુદેવે એટલે કે અમારા ગુરુજીએ બચાવી છે." પછી અમે અમારા ગુરુજીની વાત કરી કે "અમારા ગુરુદેવ એટલે ગુરુદેવ! અમારા ગુરુદેવની તોલે કોઈ ના આવી શકે. એમના આચાર-વિચાર, એમનો પ્રેમ, એમનું જ્ઞાન! એમની પાસે તમે મારી સાથે આવો, એમનાં દર્શન કરો તો તમને ખબર પડે કે અમારા ગુરુદેવ શું છે." બાપુ ! આપની દીકરી ગાયત્રીના અક્ષર બરાબર નથી. આપની આંખોને તકલીફ પડે તેવા છે. તો આપની દીકરીને આપની તકલીફ બદલ માફ કરશો. મારે તો મારા ગુરુદેવ એ જ મારું સર્વસ્વ, એ જ મારા ભગવાન. જે ગણો તે બધું જ મારા ગુરુદેવ છે.

ગુરુદેવ આપની દીકરી ગાયત્રીના જય ગુરુદેવ, જયનારાયણ!

# પત્રાંશ-૨

रमेशभाई ओझा (भाईश्री)
सांदीपनी विद्यानिकेतन, रांघावाव,
एरोड्राम रोड, पोरबंदर, गुजरात-360575

।।श्री हरिः।।

सुफल मनोरथ होवे तुम्हारे'

प्रिय स्वजन,

जय श्री कृष्ण'

आपके यहां हो रहे मंगल प्रसंग पर हार्दिक अभिनंदन और हृदय की सुभकामना।

आशिष भाई

# ઓમ્ પરિવારના ઉત્સવ - ૨૦૦૯

| કયા પ્રસંગ નિમિત્તે | સ્થળ | ઉજવવાની તારીખ |
|---|---|---|
| મહાશિવરાત્રી નિમિત્તે | કુસુમ હરનાથ મંદિર, અમરેશ્વર મહાદેવની સામે, વારાહી દરવાજા, ઉમરેઠ-ડાકોર રોડ, મુ. ઉમરેઠ, જિ. આણંદ | ૧-૩-૦૯ રવિવાર સવારે ૧૦ થી ૨ |
| હનુમાન જયંતી નિમિત્તે | ગોવિંદભાઇ એન. પ્રજાપતિ સી ૧/૧, ભદ્રેશ્વર સોસાયટી, અંકુર ચાર રસ્તા, નારણપુરા,અમદાવાદ-૧૩. | ૧૨-૪-૦૯ રવિવાર સવારે ૮.૩૦ થી ૧૧ |
| ગુરુપૂર્ણિમા | જ્યાં નક્કી થાય ત્યાં | ૭-૭-૦૯ મંગળવાર સવારે ૮ થી ૧૨ |
| ઓમ્ ગુરુદેવ જયંતી | કાન્તીભાઈ એ. પટેલ શાકુન્તલ બંગ્લોઝ કોમન પ્લોટ, સતાધાર ચાર રસ્તા, સોલા રોડ, ઘાટલોડિયા, અમદાવાદ-૬૧. | ૧૩-૧૦-૦૯ મંગળવાર સાંજે ૪.૩૦ થી ૮ |
| બેસતું વર્ષ | નૈષધભાઇ વ્યાસ ૩, ગંગાધર સોસાયટી, સરદાર પટેલ હાઇસ્કૂલની સામે, મણીનગર, અમદાવાદ-૮. | ૧૯-૧૦-૦૯ સોમવાર સવારે ૭ થી ૮ |
| શ્રી ગાયત્રી અનુષ્ઠાન સાધના શિબિર નિમિત્તે | "નિર્વિકલ્પ મુકિતધામ" નાથાભાઇ એ. પટેલના ખેતરમાં મુ. પલિયડ (વેડા), તા. કલોલ, જિ. ગાંધીનગર. | ૨૭-૧૨-૦૯ રવિવાર સવારે ૧૦ થી ૨ |